Received on : 11-06-2026
Registered on : 11-06-2026
Decided on : 01-07-2026
Duration : Y M D
- - 20

**જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ**

**ફોજદારી પરચુ.અરજી નં.૪૭૩/૨૦૨૬.**

આંક–

**અરજદાર/આરોપી.** કાજીમ મોહમદભાઈ રાજસુમરા (ગામેતી),
ઉ.વ.આ.૪૧, ધંધો–વેપાર,
રહે.ખ્વાજા નગર, ખામધ્રોળ રોડ,
જુનાગઢ.
હાલ–જીલ્લા જેલ જુનાગઢ.

**–:: વિરૂઘ્ધ ::–**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય:–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** બી.એન.એસ.ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૬(૨), ૩૧૮(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ કલમ–૬૬(ડી) મુજબ.

**સંદર્ભ :–** જૂનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬ / ૨૫.

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી આર.ડી.ઠાકર
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ.એડી.પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**–: ઠ રા વ :–**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫, બી.એન.એસ.ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૬(૨), ૩૧૮(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ

કલમ–૬૬(ડી) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, રેગ્યુલર જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક–૦૫ થી તપાસ કરનાર અમલદાર શ્રી એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સ્પેકટર, એ.ડીવી. પોલીસ સ્ટેશન જૂનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી આર.ડી.ઠાકરનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીને જૂનાગઢ એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં .૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫, બી.એન.એસ.ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૬(૨), ૩૧૮(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ કલમ–૬૬(ડી) મુજબના ગુનાની ફરીયાદ આપવામાં આવેલ છે. આ કામના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને જેના સેશન્સ કેસ નં.૨૧/૨૦૨૬ રહેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, તપાસ કરનાર અધિકારી ધ્વારા આ કામે તા.૨૯/૦૪/૨૦૨૬ ના રોજ સાહેદ સદામ સ/ઓફ હુસેનભાઈ કાસમભાઈ સુમરાનું નિવેદન નોંધેલ છે. જે નિવેદન હાલના કામના અરજદાર/આરોપીના ડેવલપમેન્ટ બાબતેનું છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ નિવેદન વંચાણે લેતા સાહેદ સદામ તથા તેમના મિત્ર સોહીલને એકબીજાને જયારે પૈસાની જરૂર પડતી ત્યારે એકબીજાના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરતા હતા અને તે વખતે રાત્રીના સમયે તેઓ રાજપાનની દુકાને બેસેલ હતા તે વખતે હાલના કામના અરજદાર/આરોપી રાજ સુમરા પણ તેમને અવારનવાર મળતો તો તેમજ વધુમાં નિવેદનમાં જણાવેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપી રાજ સુમરા રાત્રીના પાનની દુકાને બેઠેલ હતા તે વખતે સાહેદના મિત્ર સોહીલને કહેલ કે, તેમનો મોબાઈલ ફોન વેચેલ છે તેના

પૈસા આવવાના છે જેથી તેમના એકાઉન્ટની લીમટી પુરી થઈ ગયેલ છે જેથી સોહીલને બેન્ક એકાઉન્ટ આપવાની વાત કરતા સોહીલએ તેની પાસે પાસબુક ન હોવાનું જણાવેલ. ત્યારબાદ આ રાજ સુમરાએ આ સાહેદના બેન્ક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરવાનું કહેતા તેઓએ હા પાડેલ અને તેના મોબાઈલ ફોનમાં તેઓના બેન્ક ઓફ બરોડાના પાસબુકનો ફોટો હોય પાસબુકનો ફોટો બતાવતા હાલના કામના અરજદાર/આરોપીએ તેના મોબાઈલ ફોનમાં બેન્કના પાસબુકનો ફોટો પાડી લીધેલ અને કહેલ કે, તેના એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરાવેલ છે અને જે પૈસા ઉપાડીને તેઓને આપી દીધેલ. વધુમાં આ સાહેદે જણાવેલ છે કે, સાતેક દિવસ બાદ પણ બેન્કવાળા આ સાહેદના ઘરે આવેલ અને ફ્રોડના પૈસા આવેલ હોય જેથી એકાઉન્ટ બંધ થઈ ગયેલ હોય તેવું જણાવેલ. ત્યારબાદ હાલના કામના અરજદાર/આરોપી રાજ સુમરાને તે બાબતે બોલાચાલી થયેલ અને સાહેદે હાલના કામના અરજદાર/આરોપીને જણાવેલ કે તેની બેન્ક પાસબુક આપેલ ત્યારબાદ બેન્ક વાળા ઘરે આવેલ અને એકાઉન્ટ બંધ થઈ ગયેલ છે અને આ પૈસા કયાંથી નાંખેલ છે. આ સાહેદે જણાવેલ છે કે, તેઓએ બેન્કમાં તપાસ કરતા તેઓના એકાઉન્ટમાં એક હજાર રૂપિયા આવેલ હતા જે રૂપિયા હોલ્ડ થઈ ગયેલ હતા. આમ, હાલના કામના અરજદાર/આરોપીનો એક હજાર પુરતો રોલ રહેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીને તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ પરંતુ તેઓને તા.૦૩/૦૪/૨૬ સુધી કોર્ટમાં રજુ રાખેલ નહી. જેથી હાલના કામના અરજદાર/આરોપીના માતુશ્રીએ સર્ચ વોરંટની અરજી ઈન્કવાયરી નં.૬૮/૨૦૨૪ થી કરેલ. જો કે, ત્યારબાદ હાલના કામના અરજદાર/આરોપીને એલ.સી.બી.કચેરી દ્વારા તા.૦૯/૦૪/૨૬ ના રોજ કોર્ટમાં મુકી ગયેલ અને અન્ય એડવોકેટ મારફતે વકીલપત્ર રજુ થયેલ છે અને તે ઈન્કવાયરીના કામે હાલના કામના અરજદાર/આરોપીએ નિવેદન આપેલ અને ત્યારબાદ તે બાબતનું જજમેન્ટ નામદાર

કોર્ટે આપેલ હતું. જેની નકલ પણ આ કામે રજુ રાખેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપી તા.૦૯/૦૪/૨૬ ના રોજ વિ.ચીફ જયુડી.મેજી. સમક્ષ હાજર થયેલા હતા. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપી ચીફ જયુડી.મેજી.સમક્ષ હાજર થતા તેઓના રીમાન્ડ માંગવામાં આવેલ પરંતુ નામદાર કોર્ટ ધ્વારા રીમાન્ડ અરજી નામંજુર કરવામાં આવેલ જેનો હુકમ પણ આ કામે રજુ રાખેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે ચાર્જશીટ બાદ કુલ ૧૪૪ સાક્ષીઓ છે તેમજ તમામ સાક્ષીઓ પૈકી એકજ સાહેદ સદદામ સ/ઓ હુસેનભાઈનું નિવેદનમાં હાલના કામના આરોપીનો રોલ આવેલ છે. જે પણ ફકત રૂપિયા એક હજારનો છે. હાલના કામના અરજદાર/આરોપીની ભુમીકા મોટા ગુના સાથે જોડવામાં આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, તપાસ કરનાર અધિકારી ધ્વારા સોગંદનામામાં અલગ અલગ જામીન અરજી કરેલની વિગતો જણાવેલ છે. તેમાં જે અરજી નામંજુર થયેલ છે તેવી હકીકત જણાવેલ છે પરંતુ જે જામીન અરજી મંજુર થયેલ તે જણાવેલ નથી. વધુમાં આ સોગંદનામું ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપીની ગુનામાં ભુમીકા બાબતે કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ કુલ-૪ ગુના નોંધાયેલા હોવાનું જણાવેલ છે. પરંતુ કેસો પુર્ણ થઈ ગયેલ હોવાનું જણાવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીને ઈરાદાપુર્વક ગુનાના કામે જોડવામાં આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, ફ્રોડ અંગેની એકપણ નોંધ અરજદારે કરેલ નથી કે કોઈ ફ્રોડ કરેલ નથી. વધુમાં તપાસ દરમ્યાન પણ કોઈ દસ્તાવેજી પુરાવો પાસબુક કે અન્ય ઈલેકટ્રોનીક એવીડન્સ કબજે કરવામાં આવેલ નથી. આમ, હાલના કામની હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સામાવાળા ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામે તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. વધુમાં રજુઆત કરેલ છે કે, તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ આ કામે પકડાયેલ અન્ય આરોપીઓએ ચાર્જશીટ થયા બાદ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જામીન અરજી કરેલ જે નામદાર હાઈકોર્ટ સમક્ષ વિડ્રો કરવામાં આવેલ હતી. વધુમાં હાલના કામનો ગુનો ધ્યાને લેતા ગંભીર પ્રકારનો રહેલ છે. જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત ન કરવા રજુઆત કરેલ છે.

(પ) બંને પક્ષોની રજુઆત, રેકર્ડ, તપાસ કરનાર અમલદાર શ્રી એસ.કે.દેસાઈ, પોલીસ ઈન્સ્પેકટર, એ.ડીવી. પોલીસ સ્ટેશન જૂનાગઢનાઓનું આંક–૦પ નું સોગંદનામું વંચાણે લીધું. આ કામે રેકર્ડ ધ્યાને લેતા આ કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે અને જેના સેશન્સ કેસ નં.૨૧ /૨૦૨૬ રહેલ છે. હાલના કામના અરજદાર/આરોપીનાઓની હાલની આ પ્રથમ જામીન અરજી છે. વધુમાં આ કામે રેકર્ડ ધ્યાને લેતા તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ આ કામના આરોપી નં.૧ અલીમહમદ ઉર્ફે આસીફ હબીબભાઈ હેબા તથા આરોપી નં.૨ અસ્લમ ઉર્ફે લાલો ઈબ્રાહીમભાઈ કુરેશી તથા આરોપી નં.૩ ઈમ્તીયાઝ ઉર્ફે બકરો ઈબ્રાહીમભાઈ હીંગોરજા તથા હાલના અરજદાર/આરોપીએ પોતે તથા પોતાના મળતીયાઓ પાસેથી મેળવેલ બેન્ક એકાઉન્ટોને સહઆરોપી ઈમ્તીયાઝ ઉર્ફે બકરાની સાથે મળી ગુનામાં ઉપયોગમાં લેવાયેલ બેન્ક એકાઉન્ટમાં સાયબર ફ્રોડના રૂપિયા જમા કરાવડાવી સહઆરોપી અલીમહમદ ઉર્ફે આસીફ મારફતે આંગડીયા પેઢી મારફતે રૂપિયાને આંગડીયા કરી રૂપિયા સગેવગે કરી પોતાનું કમીશન મેળવી આર્થીક લાભ મેળવેલ હોવાનુ જણાવેલ

છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીનાઓએ તપાસ દરમ્યાન સાહેદ સદામ સ/ઓ હુસેનભાઈ કાસમભાઈ સમાનાઓનું નિવેદન નોંધવામાં આવેલ અને તે ચાર્જશીટના કામે રજુ કરેલ છે. તેના ઉપર આધાર રાખેલ છે. સદરહુ નિવેદન ધ્યાને લેતા હાલના કામના અરજદાર/આરોપીએ સાહેદ સદામભાઈ તથા તેમના મિત્ર સાહેદ પાસે આવેલ અને હાલના કામના અરજદાર/આરોપી કાજીમ સુમરાએ સોહીલનાઓને જણાવેલ કે, તેઓનો મોબાઈલ ફોન વેચેલ છે તેના પૈસા આવવાના છે અને બેન્ક લીમીટ પુરી થઈ ગયેલ જેથી આ સાહીલ સુમરાનું બેન્ક એકાઉન્ટ આપવાની વાત કરતા તેની પાસે પાસબુક ન હોવાનું જણાવેલ. જેથી હાલના કામના અરજદાર/આરોપીએ સાહેદ સદામ સ/ઓ હુસેનભાઈ કાસમભાઈ સમાનાઓને તેમના એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરવાનું કહેતા આ સાહેદે હા પાડેલી અને તેમના મોબાઈલ ફોનમાં બેન્ક ઓફ બરોડાની પાસબુકનો ફોટો હોય જેથી હાલના કામના અરજદાર/આરોપીને પાસબુકના ફોટા બતાવતા તેણે મોબાઈલ ફોનમાં બેન્ક પાસબુકનો ફોટો પાડી દીધેલ હતો અને કહેલ કે, તારા એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરાવી દેશે અને તું ઉપાડીને આપી દેશે. ત્યારબાદ સાતેક દિવસ પછી બેન્કવાળા આ સાહેદના ઘરે આવેલ અને એકાઉન્ટમાં ફ્રોડના પૈસા આવેલ હોવાની હકીકત હોય જેથી એકાઉન્ટ બંધ થઈ ગયેલ તેવી હકીકત જણાવેલ. આમ, સદરહુ નિવેદન ધ્યાને લેતા પણ હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે અને સાયબર ફ્રોડની રકમના પૈસા જમા કરાવવા માટે આ સાહેદના એકાઉન્ટનો ઉપયોગ કરેલ હોવાની હકીકત ફલીત થાય છે. તે રીતે હાલના કામના અરજદાર/આરોપીની ગુનામાં મહત્વની ભુમીકા રહેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ કામે અરજદાર/આરોપીએ તેમની રજુઆતમાં જણાવેલ છે કે, હાલના કામના સાહેદના એકાઉન્ટમાં માત્ર એક હજાર રૂપિયા જ જમા થયેલ છે અને તે રીતે માત્ર એક હજાર રૂપિયા પુરતા ગુનામાં સં

ડોવણી હોવાનું જણાવેલ છે. જો કે, આ કામે રેકર્ડ ધ્યાને લેતા હાલના કામે અન્ય આરોપી સાથે પુર્વઆયોજીત કાવતરૂ રચી આર્થીક ફાયદો મેળવવા સારૂ સાયબર ફ્ ્રોડનો ગુનો આચરેલ છે. વધુમાં હાલના કામેના અરજદાર/આરોપીનો અન્ય આરોપીનો રોડ ફરીયાદ ઉપરથી સ્પષ્ટ થાય છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીનાઓએ અન્ય સહઆરોપીઓ સાથે ભેગા મળી સાયબર ફ્રોડનો ગુનો આચરી સાયબર ફ્રોડના નાણાં મેળવવામાં અને ગુનો આચરવામાં આવેલ છે. વધુમાં તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વેચાણે લેતા હાલના કામના અરજદાર/આરોપી તથા અન્ય સહઆરોપી મહમદ ઉર્ફે બકરો બંને સાથે મળી ગેરકાયદેસર રીતે આર્થીક ઉપાર્જન કરવાની પ્રવૃતિ કરતા હોય અને તેને અન્વયે હરીયાણા રાજયના ગુરૂગ્રામ જીલ્લાના વીલાસપુર પોલીસ સ્ટેશનના ગુના રજી.નં.૦૧૦૯/૨૬ થી છેતરપીંડીની ફરીયાદ નોંધવામાં આવેલ છે. તે રીતે હાલના કામના અરજદાર/આરોપી આવા પ્રકારના અન્ય ગુનામાં સંડોવાયેલ છે.

(૬) વધુમાં આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આરોપી મુસાભાઈ હાસમભાઈ મુસાણીને ક્રિ.મી.એ.(ફોર રેગ્યુલર બેઈલ આફટર ચાર્જશીટ) નં. ૧૨૯૪૮/૨૦૨૬, આરોપી મોહસીન ઉર્ફે નૈતીક સ/ઓ અશ્વિનભાઈ હરીભાઈ જોષી વિ.સ્ટેટ ઓફ ગુજરાત ક્રિ.મી.એ.(ફોર રેગ્યુલર બેઈલ આફટર ચાર્જશીટ) નં.૯૪૬૨/૨૦૨૬ ના કામે, આરોપી સાહીલ ઉર્ફે કારીયો ગફારભાઈ સમા(ગામેતી) ક્રિ.મી.એ.ફોર સકસેસીવ રેગ્યુલર બેઈલ આફટર ચાર્જશીટ) નં.૧૧૬૮૬/૨૦૨૬ ના કામે તથા આરોપી રાહુલ સ/ઓ જેઠાભાઈ કેસવાલાને ક્રિ.મી.એ. (ફોર રેગ્યુલર બેઈલ આફટર ચાર્જશીટ) નં.૧૩૭૫૯/૨૦૨૬ ના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. સદરહુ આરોપીઓને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. હાલના કામે સદરહુ નામદાર ગુજરાત હાઈકોર્ટે ધ્વારા છોડવામાં આવેલ આરોપીઓ સામે આવા પ્રકારના ગુનાની

ફરીયાદ નોંધવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત જણાય આવેલ નહી. જયારે હાલના કામના અરજદાર/આરોપી સામે હરીયાણા રાજયના ગુરૂગ્રામ જીલ્લાના બીલાસપુર પોલીસ સ્ટેશનના ગુનાના કામે ગુનો દાખલ કરવામાં આવેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી આવા પ્રકારનો ગુનો કરવાની ટેવવાળા હોવાનું ફલીત થાય છે. જેથી હાલના કામના અરજદાર/આરોપીની ભુમીકા તે રીતે અન્ય જામીન મુકત થયેલ આરોપીઓ કરતા ભિન્ન બની રહે છે. વધુમાં હાલના કામનો ગુનો ધ્યાને લેતા સાયબર ફ્રોડનો રહેલ છે અને હીનીયસ પ્રકારનો રહેલ છે. વધુમાં અરજદાર/આરોપી તર્ફે અન્ય રજુઆત રહેલ છે તે પુરવાનો વિષય બની રહે છે. જેથી તે હાલના તબકકે ગ્રાહય રાખ શકાય નહી. વધુમાં આ કામે અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીવખત આવા પ્રકારનો ગુનો આચરશે તેવી ફરીયાદપક્ષેની રજુઆતમાં વજુદ જણાય છે. વધુમાં આ કામના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ હોય તે માત્રથી હાલના કામનો ગુનો ધ્યાને લ ેતા ગંભીર પ્રકારનો હોય જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય અને ન્યાયી જણાતું નથી. વધુમાં હાલના સમયમાં સાઈબર ફ્રોડના કિસ્સા દિનપ્રતિદિન વધતા રહેલ છે. વધુમાં કોઈપણ વ્યકિત પોતાના આર્થીક લાભ સારૂ પોતાનું એકાઉન્ટ ભાડેથી કે કમીશનથી સાઈબર ફ્રોડના નાણા જમા કરાવવા માટે પોતાનો આર્થીક લાભ મેળવવા માટે કોઈપણ પરીણામની પરવા કર્યા વિના પોતાનું એકાઉન્ટ આવી સાઈબર ફ્રોડની રકમ જમા કરાવવા માટે આપવામાં આવે છે અને ત્યારબાદ તે વ્યકિત ધ્વારા તેઓ ગુના બાબતે કશું જાણતા નથી તે બાબતે લુલો બચાવ લ ેવામાં આવતો હોય છે. હકીકતે આવા પ્રકારના ગુનો આચરવાના કારણે સમાજમાં રહેલ બાળકથી માંડીને વૃધ્ધો સુધીના લોકોના નાણા સાઈબર ફ્રોડીના સકં જામાં આવી જઈ નાણા ગુમાવતા હોય છે. ઘણા કિસ્સાઓમાં જે તે વ્યકિત પોતાની નિવૃતિ બાદની રકમ અથવા તો પોતાની મરણમુડી સાચવી રાખેલી હોય તે સાઈબર ફ્રોડનો ભોગ બનવાથી તેની સમગ્ર રકમ ખોઈ બેસતી હોય છે અને તે કારણસર

ઘણા કિસ્સાઓમાં વ્યકિત ખુબજ આઘાતમાં પહોંચી જાય છે અને તે કારણસર આત્મહત્યા પણ કરતી હોય છે. આમ, આ કામનો ગુનો ઘ્યાને લેતા તે સમાજ વિરોધી ગુનો રહેલ છે. વધુમાં આવા ગેરકાયદેસરની પ્રવૃતિમાંથી ઉદભવેલ નાણાનો દેશ વિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થતો હોય છે તેમજ આવા નાણા એક આર્થીક પ્રકારનો ગુનો પણ રહેલ છે. જે દેશની અર્થવ્યવસ્થાને પણ નુકશાન પહોંચાડે છે. આમ, આવા ગુના દેશ વિરોધી પ્રવૃતિ ગણી શકાય. તે સંજોગોમાં ગુનાની ગંભીરતા ઘણી વધી જાય છે. આમ, આ કામના અરજદાર/આરોપી સામેનો આક્ષેપિત ગુનો, ગુનાની ગંભીરતા ઘ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા ઘ્યાને લેતા અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

– હાલના અરજદાર/આરોપી કાજીમ મોહમદભાઈ રાજસુમરા (ગામેતી), રહે.ખ્વાજા નગર, ખામધ્રોળ રોડ, જુનાગઢવાળાની જૂનાગઢ એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫, બી.એન.એસ.ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૬(૨), ૩૧૮(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ કલમ–૬૬(ડી) મુજબના ગુનાના કામની હાલની રેગ્યુલર જામીન અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૧/૦૭/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)